



# ડીસામાં ૩૨ કલાકમાં ૧૫ ઈંચ વરસાદ

## નિચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ







(તમામ તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૨૮

બનાસકાંઠા માં સર્વત્ર મેઘ મહેર જારી છે ત્યારે વેપારી મથક ડીસા માં છેલ્લા સત્યાવીશ કલાક માં ૧૫ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હોવાનું હવામાન વિભાગના સુત્રો એ જાહેર કરેલ છે ત્યારે સમગ્ર શહેર ના નીચાણવાળા વિસ્તારો માં પાણી ભરતા લોકો ની સ્તીથી દયનીય બનેલ છે જયારે ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને પાલિકા નો નીમોન્સુન પ્લાન ની અહી ધજિજયા ઉડતી જોવા મળી છે અને લોકો જાણે રામભરોસે હોય તેવો માહોલ સર્જાયો છે



બનાસકાંઠા માં સર્જાયેલા મેઘ તાંડવ બાબતે હવામાન ખાતા ના અધિકારી મહેન્દ્રભાઈ ચોધરી એ જણાવેલ કેં મધ્ય -દેશમાં અને અરબી સમુન્દ્ર માં મીડ ટ્રોપિકલ અપર એર સાયક્લોન સર્જાયું હતું આ બન્ને વચ્ચે સમગ્ર સીસ્ટમેં મીડ કહેવાય છે જે હાલ ના વરસાદ ને આભારી છે અને તેનાથી સમગ્ર ઉત્તર ગુજરાત માં વ્યાપક વરસાદ ચાલુ છે જેના થી બનાસકાંઠા ના તમામ તાલુકા ઓં માં છેલ્લા ૨૪ કલાક માં નોધપાત્ર વરસાદ નોધાયો છે દક્ષિણ ગુજરાત બાદ જાણે હવે જાણે ઉત્તર ગુજરાત ને ન્યાય આપતા હોય તે રીતે બનાસકાંઠા જીલ્લા ને મેધરાજા એ તરબોળ કરી નાખ્યો છે જેમાં જીલ્લા ફ્લડ કન્ટ્રોલ ના છેલ્લા સાંજ ના ચાર વાગ્યા સુધી ના કલાક સુધી ના આંકડાં જો ઈએ તો લાખની-૧૩૭,



સુઈગામ-૨૬૦,વાવ-૧૭૭, થરાદ-૧૭૯, ફુર્ત્રીફૂર્શ્રી-૨૫૬, દિયોદર-૨૬૩, ભાભર-૨૯૦, અને ડીસા માં ૩૨ કલાક જેટલા સમય માં ૩૫૨ મી.મી.જેટલો એટલેકે ૧૫ ઇંચ જેટલો વરસાદ નોધાયો છે આ વરસાદ માં હાલ ફસાયેલા લોકો પાલિકા ના જવાબદાર અધિકરિઓ પર ફરિયાદો નો મારો ચલાવતા આવા ભારે વરસાદ માં પાલિકા -મુખ ડો. તેજલબેન પટેલ ટીમ અને જેસીબી મશીન સાથે મીર મહોલ્લા ,ધુલિયા કોટ વિસ્તાર માં પાણી ના નિકાલ કરતા જોવા મળ્યા હતા.

હાલ વરસાદ રોકાવાનું નામ લેતો નથી ત્યારે ડીસા ના નવીન રોડ બે ફૂટ જેટલો ઉંચો બનાવતા ચંદ્રલોક સોસાયટી ભાગ એક અને બે ના લોકો ના ધરો માં પાણી



ભરાયા હતા જેમાં એક વ્યક્તિ નું મકાન જયારે એક અન્ય મકાન નો કોટ તુટતા શ્રમજીવી લોકો ની મુસીબતો માં વધારો થયો હતો. જયારે અંબિકા નગર, શિવનગર, રેજીમેન્ટ, વાડીરોડ, લાલચાલી, વીરેન પાર્ક, ગુલબાની નગર, ધુલીયાકોત, હર્રીઓંમ સ્કુલ વિસ્તાર, સહીત ના અનેકો વિસ્તાર પાણી માં ગરકાવ થયા છે અને લોકો ના ધરો માં પાણી ભરતા ઘરવખરી પાણી માં ડૂબી ગયેલ છે. માત્ર ૩૬ કલાક માં ૧૫ ઇંચ જેટલો ભારે વરસાદ શહેર માં તબાહી મચાવી શકે તેવી સ્તીથી પેદા કરતા લોકો ભયભીત છે અને સુરક્ષા તેમજ સલામતી ઈચ્છે છે ત્યારે તંત્ર તેમની મદદે આવે તેવી તેમની માંગ છે જયારે બીજી તરફ વરસાદ નું આ રોદ્ર રૂપ જોઈ શહેરી જનો ભયભીત બન્યા હતા.

## સીનીયર સીટીઝનને હોકીથી મારવાના ગુનામાં માલદાર પરીવારના કપૂતની ધરપકડ

### ચંપક માલદાર પરીવારના પુત્રને હવે પાગલમાં ખપાવી બનાવ ઉપર પડદો પાડવાનો પ્રયાસ

ઉમરેઠ તા.૨૮

ઉંમરલાયક નાગરીકોનું સન્માન કરવુ તેઓને મદદ કરવી તે સંસ્કારી પરીવારોમાં નાગરીક ધર્મ માનવામાં આવ્યો છે.વૃધ્ધોને સહાય કરવી તેવા સંસ્કાર સજજન પરીવારોના બાળકોમાં નાનપણથી સીંચવામાં આવે છે.પરંતુ પૈસાના મદમાં આવી જઈ ભુતકાળમાં અકસ્માત મૃત્યુ નીપજાવ્યા હોય તે પરીવારના પુત કે કપૂતની હરકતના કારણે નગરના જ એક સીનીયર સીટીઝનને જાહેરમાં હોકી મારવાના બનાવે આખરે માથાભારે શખ્સને પોલીસના મહેમાન બનવાનો વારો આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરીઆદ મુજબ ફરીઆદી અશ્વિનભાઈ ચંદુલાલ શાહ વહેલી સવારે દર્શન કરવા જઈ રહયા હતા તે વખતે ઉમરેઠ ઓડ બજાર સ્થિત સ્વામીનારાયણ મંદીર પાસે અગાઉથી બેઠેલા આરોપી હર્ષદભાઈ (ભગત) ચંપકલાલ ગાભાવાળા ફરીઆદી પાસે જઈ ઘર નામે ન થતુ હોવાની વાત જણાવી ગમેતેમ ગાળો બોલી હોકીથી બંન્ને પગોમાં માર મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીઆદ કરતા ઉમરેઠ પોલીસે આરોપી વિરૂધ્ધ્ ઈ.પી.કો



કલમ ૩૨૩/૩૦૪/ ૫૦૬(૨)જી.પી.એકટ ૧૩૫ મુજબ ગુનો નોંધી આ અંગે પો.કો નરવતસિંહ તપાસ કરી રહયા છે.

નગરમાં થઈ રહેલી ચર્ચા મુજબ અત્રેની ત્રણ પોળમાં રહેતા અશ્વિનભાઈ ચંદુલાલ શાહના રાણીયા ગામે ઘરનો દસ્તાવેજ લખી આપેલ પરંતુ કોઈ કારણોસર ઘર નામે થતું ન હોવાથી તેની અદાવત રાખી ઉમરેઠમાં સોસાયટી વિસ્તારમાં રહેતા હર્ષદભાઈ ચંપકભાઈ ગાભાવાળાએ હોકી લઈ વૃધ્ધ અશ્વિનભાઈ ઉપર હુમલો કરી બંન્ને પગોમાં ઈજાઓ પહોંચાડી હતી.આ બનાવ અંગે ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ફરીઆદ થતાં ગઈકાલે આરોપીની અટક કરવામાં આવી હતી. પરંતુ કરોડપતિ બાપનો પુત્ર હોવાના મદમાં પોલીસને અને વિસ્તારના ધારાસભ્ય વિરૂધ્ધ્ અભદ્ર ભાષા વાપરતા મામલો બીચકયો હતો.વાતની ગંભીરતા સમજમાં આવતા પરીવારજનોએ તોફાને ચડેલા ભાઈને પાગલ હોવાનું જણાવી પોલીસના ડંડાથી બચાવવાનો તેમજ સમગ્ર મામલાને ઠંડો પાડવાનો પ્રયાસ કર્યાની ચર્ચા નગરમાં ચોરને ચૌટે સાંભળવા મળી રહી છે.

## પ્રાંતિજમાં એક મકાનમાં ગેસ લીક થતા આગ લાગી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે આવેલ નાની ભાગોળ ભરચક વિસ્તારમાં વહેલી સવારે મકાનમાં આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે આવેલી નાની ભાગોળ મિસ્ત્રીવાસમાં આવેલ રમેશભાઈ મીસ્ત્રીના મકાનમાં બીજા માળે અચાનક વહેલી સવારે ગેસની બોટલ ઉપર આવેલ રેગ્યુલેટર ફાયર થતા તેમના મકાનમાં આગ પકડાઈ ગઈ હતી. જ્યારે આગ જોતજોતામાં વધી જતા ઉપર છતના લાકડાના દોરીયા સુધી પકડાઈ ગઈ હતી. જ્યારે ત્યાના સ્થાનિક રહીશો દોડી આવ્યા હતા અને તેમણે પાણીનો મારો કરી આગ ઉપર કાબુ મેળવી આગને સંપૂર્ણપણે બુજાવી હતી અને મોટુ નુકસાન થતા અને મોચી જાનહાની થતા ટળી હતી.

## પ્રાંતિજમાં ડેન્ગ્યુથી ૮ વર્ષની બાળકીનું મૃત્યુ : તંત્ર દોડતુ થયું

### એક મહિલાને પણ ડેન્ગ્યુ પોઝીટીવ આવતા અમદાવાદ સારવાર અર્થો ખસેડાઈ

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ડેન્ગ્યુએ ૮ વર્ષની બાળકીનો ભોગ લેતા પ્રાંતિજવાસીઓમાં ચિંતાના વાદળો ઘેરાઈ ગયા છે તે ઉપરાંત એક મહિલાને પણ ડેન્ગ્યુ પોઝીટીવ આવતા તેણીને અમદાવાદ ખાતે વધુ સારવાર માટે ખસેડવામાં આવી છે. ડેન્ગ્યુએ માથુ ઊંચકતા આરોગ્યતંત્ર પણ દોડતુ થઈ ગયું છે.

પ્રાંતિજ ખાતે સ્થિત ગલેચી ભાગોળ વિસ્તારમાં રહેતી ૮ વર્ષિય રંજનબેન ભગવાનસિંહ રાઠોડ ધોરણ-૩માં અભ્યાસ કરતી હતી. તાવની અસર થતા રંજનને પ્રાંતિજ દવાખાને અને ત્યારબાદ હિંમતનગર એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાઈ હતી.

ડેન્ગ્યુનો ટેસ્ટ કરાવતા રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો અને સારવાર દરમ્યાન જ બાળકીનું પ્રાણ પંખેરૂ ઊડી ગયું હતું. ૮ વર્ષની બાળકીને ડેન્ગ્યુ ભરખી ગયાનાં સમાચાર તંત્ર સુધી પહોંચે ત્યાં જ આ વિસ્તારની એક મહિલા સબીનાબીબીએ કરાવેલા ડેન્ગ્યુનો રીપોર્ટ પણ પોઝીટીવ આપતા તંત્ર દોડતું થઈ ગયું છે.

## ભિલોડા-સતલાસણા તાલુકાની જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતીઓની જાગૃતી અંગેનો વર્કશોપ કાર્યક્રમ યોજાયો

આ કાર્યક્રમ જૈવિક સંસાધનોના એકત્રીકરણ અને લાભોની વહેંચણીની જોગવાઈઓને કેન્દ્ર સ્થાને રાખીને જૈવિક વિવિધતાના અધિનિયમ અને કાયદાનું અસરકારક અમલીકરણ અંગેનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું. બાયોડાયવર્સીટી બોર્ડના સભ્ય સચિવ, વનસંરક્ષક એ.પી.સી., નાયબ સંસાધનોના તજજ્ઞો શૈલેષ ડોડીયાર, સાયન્ટીફીક આસી., દાંતીવાડા કૃષિ યુની. સંશોધન વૈજ્ઞાનિક ડૉ. આર.આર.સાંખેલા, હેડ એન્ડ યુનિટ પ્રો.ડૉ.એમ.વી.પટેલ સહિત વિષયોના નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા. જૈવિક વિવિધતાની વિસ્તૃત જાણકારી આપી હતી.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૩૮ |
| વરીયાળી | ૭૫૦ | ૧૪૬૩ |
| રાયડો | ૫૦૦ | ૬૪૧ |
| ઘઉં | ૩૦૪ | ૩૭૦ |
| જુવાર | ૨૮૫ | ૩૦૭ |
| બાજરી | ૨૧૦ | ૨૮૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૧ |
| બંટી | ૨૫૦ | ૩૩૬ |
| મગ | ૮૨૧ | ૯૨૫ |

**તલોદ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૬ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૮ |
| બાજરી | ૨૨૦ | ૨૭૧ |
| ગવાર | ૧૧૦૦ | ૧૧૯૧ |
| ડાંગર જ્યા | ૨૫૦ | ૨૮૦ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૫૨૫ | ૬૬૦ |
| એરંડા | ૬૬૫ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૪૫ |
| ડાંગર જ્યા | ૨૭૦ | ૩૨૦ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૪ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૮૮ | ૨૯૫ |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૪ |
| બાજરી | ૨૪૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૯ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |

**તલોદ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૦ | ૨૪૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૯ | ૨૫૭ |
| ઘઉં | ૩૨૦ | ૨૮૫ |
| એરંડા | ૭૦૪ | ૭૦૫ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૦ |
| તુવેર | ૨૨૬ | ૬૧૫ |
| જુવાર | ૨૫૦ | ૩૫૦ |
| રાયડો | ૫૪૦ | ૫૯૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૩૫ | ૨૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૪૦ | ૨૮૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૨ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૫ |
| જુવાર | ૨૪૦ | ૩૪૦ |
| રાયડો | ૫૩૦ | ૫૮૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૪૫૦ | ૫૦૦ |
| એરંડા | ૬૯૩ | ૭૧૧ |
| ઘઉં | ૩૧૫ | ૩૭૫ |
| બાજરી | ૨૨૦ | ૨૪૮ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૯૦૦ | ૧૧૮૧ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૪૫ |
| મકાઈ | ૩૧૦ | ૩૪૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૮ |
| બાજરી | ૨૫૦ | ૨૬૬ |
| મગફળી | ૫૯૦ | ૬૬૦ |
| તલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૧૨૨ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૯ |
| ડાંગર | ૨૪૦ | ૩૧૦ |
| બાજરી | ૨૧૦ | ૨૨૦ |
| ગવાર | ૯૫૦ | ૧૧૮૦ |

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૫ | ૭૦૫ |
| રાયડો | ૫૮૧ | ૫૯૧ |
| જીરૂ | ૨૧૬૦ | ૨૪૨૧ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૨ | ૪૨૬ |
| બાજરી | ૨૧૩ | ૨૫૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૫ |
| રાયડો | ૬૧૦ | ૬૧૧ |
| રાજગરો | ૧૧૫૫ | ૧૨૩૦ |
| મગફળી | ૬૦૦ | ૭૫૫ |
| ગવાર | ૭૦૦ | ૧૧૭૦ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| મગ | ૬૦૦ | ૬૧૫ |
| અડદ | ૭૨૦ | - |
| રાયડો | ૫૫૬ | ૬૧૯ |
| એરંડા | ૬૯૦ | ૭૧૬ |
| ગવાર | ૯૨૫ | ૧૧૯૭ |
| ઘઉં | ૨૯૮ | ૩૭૪ |
| બાજરી | ૨૦૦ | ૨૭૦ |
| જુવાર | ૨૨૧ | - |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૫૦ | ૨૭૨૨ |
| વરીયાળી | ૮૨૧ | ૨૨૯૦ |
| ઈસબગુલ | ૧૦૯૧ | ૧૪૪૦ |
| સરસવ | ૬૩૫ | - |
| રાયડો | ૫૭૬ | ૬૬૧ |
| તલ | ૧૯૫૦ | ૨૦૦૧ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૨ |
| બાજરી | ૨૦૦ | ૨૬૦ |
| રાયડો | ૫૭૦ | ૬૨૧ |
| એરંડા | ૬૮૦ | ૭૨૦ |
| ચોરા | ૬૦૦ | ૧૦૨૦ |
| કપાસ | ૯૦૦ | ૧૧૦૧ |
| જુવાર | ૩૧૦ | ૪૦૦ |
| મગ | ૯૦૦ | ૧૧૮૦ |
| ગવાર | ૯૦૦ | ૧૨૫૦ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૬૯૧ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૮ | ૩૫૭ |
| રાયડો | ૫૩૫ | ૬૦૪ |
| બાજરી | ૨૦૫ | ૨૬૮ |
| એરંડા | ૬૮૮ | ૭૦૦ |
| અજમો | ૬૩૦ | - |
| ગવાર | ૮૧૧ | - |
| બંટી | ૨૯૦ | - |
| રજકાના બી | ૨૦૫૦ | ૨૮૫૦ |

**અંબાલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૩૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૩ |

**જોટાણ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૮ | ૭૦૩ |
| બાજરી | ૨૪૫ | - |
| ગવાર | ૯૫૧ | ૧૦૬૧ |

**હારીજ**

| | | |
|---|---|---|
| રાયડો | ૩૫૯ | ૬૧૧ |
| એરંડા | ૬૮૦ | ૭૦૪ |
| બાજરી | ૨૦૦ | ૨૪૬ |
| ઘઉં | ૩૦૧ | ૩૬૦ |
| ગવાર | ૯૬૫ | ૧૨૦૦ |
| અડદ | ૭૦૧ | - |
| મગ | ૯૮૨ | ૧૦૩૫ |
| ચણા | ૪૬૫ | ૬૩૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૨૦ |
| સાસટો | ૨૫૦ | ૩૨૪ |
| સવા | ૬૪૦ | ૬૬૦ |
| બંટી | ૨૮૨ | ૩૦૨ |
| મેથી | ૪૯૨ | ૫૭૬ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| એરંડા | ૬૯૭ | ૭૦૧ |
| બાજરી | ૨૨૭ | ૨૭૦ |
| રાયડો | ૫૯૧ | - |
| ડાંગર | ૨૭૦ | ૩૩૬ |
| ગવાર | ૧૨૦૦ | ૧૨૩૫ |
| જુવાર | ૨૮૫ | ૩૧૬ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૫ | ૬૮૫ |
| ઘઉં | ૨૮૦ | ૩૧૫ |
| બાજરી | ૨૨૫ | ૨૪૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૫ |
| ગવાર | ૮૫૦ | ૧૨૦૦ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન